પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૨૮ | ૦૮ એપ્રિલ, ૨૦૨૩, શનિવાર; ચૈત્ર વદ - ૦૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# CNG-PNGનો ભાવ ૧૦ ટકા ઘટશે

## મોદી સરકારનો મોટો નિર્ણય : આંતરરાષ્ટ્રીય માર્કેટ પ્રમાણે નક્કી થશે ભાવ : ડોમેસ્ટિક ગેસ પ્રાઈસ હવે ઈંડિયન ક્રૂડ બાસ્કેટને ૧૦ ટકા હશે, પાઈપ લાઈન અને કંપ્રેસ્ડ નેચરણ ગેસના ભાવ હવે આંતરરાષ્ટ્રીય ક્રૂડ કિંમત પર નહીં નક્કી થાય

નવી દિલ્હી, તા.૭

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં હાઈ કેબિનેટ મીટિંગ દરમ્યાન કેટલાય મહત્વના નિર્ણય લેવામાં આવ્યા હતા. જેમાં પેટ્રોલિયમ મંત્રાલય સાથે જોડાયેલ એક મહત્વનો નિર્ણય લેવાયો હતો. પીએનજી અને સીએનજી સસ્તા થશે. તેની સાથે જ કેબિનેટે નેચરણ ગેસના ભાવ નક્કી કરવા માટે એક નવી ફોર્મ્યુલાને મંજૂરી આપી દીધી છે. તેના માટે ૨૦૧૪ની ગાઈડલાઈનમાં ફેરફાર થશે. ઈન્ટરનેશનલ માર્કેટમાં ૮.૫૭ ડોલર ૨ વર્ષમાં ભાવ વધ્યા. મંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું કે, કેબિનેટે સંશોધિત ઘરેલૂ ગેસ મૂલ્ય નિર્ધારણ દિશા નિર્દેશને મંજૂરી આપી છે. તેમાં કહેવાયું છે કે, શાસનમાં સ્થિર મૂલ્ય નિર્ધઆરણ કેબિનેટને સંશોધિત ઘરેલૂ ગેસ મૂલ્ય નિર્ધારણને મંજૂરી આપી છે. મંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું કે, ડોમેસ્ટિક ગેસ પ્રાઈસ હવે ઈંડિયન ક્રૂડ બાસ્કેટને ૧૦ ટકા હશે. પાઈપ લાઈન અને કંપ્રેસ્ડ નેચરણ ગેસના ભાવ હવે આંતરરાષ્ટ્રીય ક્રૂડ કિંમત પર નહીં નક્કી થાય. તેમાં ઈંપોર્ટેટડ ક્રૂડ બાસ્કેટની સાથે લિંક કરવામાં આવશે અને દર ૬ મહિનેની જગ્યાએ હવે દર મહિને તેને રિવ્યૂ કરવામાં આવશે. આ નવા સંશોધનથી પીએનજી પર લગભગ ૧૦ ટકાનો ફરક રહેશે અને સીએનજી પર લગભગ ૭-૯ ટકાનો ફરક રહેશે. કાલે નોટિફિકેશન જાહેર થશે અને પરમદિવસથી તે લાગૂ થશે. આ મામલામાં પેટ્રોલિયમ મંત્રાલયના સચિવ પંકજ જૈને જણાવ્યું કે, નવી ફોર્મ્યુલા અંતર્ગત આ ગેસના ભાવ નક્કી થવાથી ખાતર અને પાવર સેક્ટરને પણ સસ્તો ગેસ મળી શકશે. તેની સાથે જ ફર્ટિલાઈઝર સબ્સિડી પણ ઓછી જશે. પેટ્રોલિયમ મંત્રાલયના સચિવ પંકજ જૈનેના જણાવ્યા અનુસાર ,કેબિનેટે જે નવી ફોર્મ્યુલાને મંજૂરી આપી છે, તે મોટા ભાગે ંદ્રસ્ઝ અને ઓયલ ઈંડિયા ગેસ પર લાગૂ થશે. ડીપ વોટર અને ઓલ્ટ્રા ડીપ વોટર હાઈ પ્રેશર હાઈ ટેંપરેચર એરિયા માટે કિંમત નક્કી કરવાની ફોર્મ્યુલામાં કોઈ ફેરાફાર નથી કર્યો.

# દેશમાં કોરોનાના કેસ ૬ હજારને પાર

## છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૬૦૫૦ કેસ : દેશમાં કોરોનાના કેસે ફરી એકવાર સ્પીડ પકડી : કેન્દ્રિય સ્વાસ્થ્ય મંત્રીએ કોવિડની સ્થિતિ અંગે સમીક્ષા માટે રાજ્યોના તમામ સ્વાસ્થ્ય મંત્રીઓ સાથે એક બેઠક યોજી

નવી દિલ્હી, તા.૭

દેશમાં કોરોનાના કેસે ફરી એકવાર સ્પીડ પકડી છે. કેરળ, દિલ્હી, હિમાચલ પ્રદેશ, હરિયાણા સહિત ઉત્તર ભારતમાં અનેક રાજ્યોમાં છેલ્લાં કેટલાંક દિવસોથી કોરોનાના કેસમાં ઝડપથી વધારો જોવા મળ્યો છે. આના કારણે ડેઈલી કોરોના કેસનો આંકડો ૬૦૦૦ને પાર પહોંચી ગયો છે. આ અગાઉના સમય કરતા ૨૦ ટકા વધારે છે. ગયા વર્ષે ૨ ૨ સપ્ટેમ્બર બાદ પહેલીવાર કોરોના સંક્રમિતલોકોનો આંકડો ૬૦૦૦ને પાર પહોંચી ગયો છે. દેશમાં છેલ્લાં ચોવીસ કલાકમાં કોરોનાના ૬૦૫૦ નવા કેસ સામે આવ્યા છે.

કેન્દ્રિય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયા આજે એટલે કે શુક્રવારે કોવિડની સ્થિતિ અંગે સમીક્ષા માટે રાજ્યોના તમામ સ્વાસ્થ્ય મંત્રીઓ સાથે એક બેઠક કરી. બીજી તરફ, ઉત્તર ભારતમાં કોરોનાના કેસમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. હિમાચલ પ્રદેશમાં છેલ્લાં સાત દિવસમાં ૧૭૬૮ કેસ નોંધાયા છે. જે છેલ્લાં સાત દિવસના કુલ ૭૮૬થી ૨.૨૫ ગણા વધારે છે. હરિયાણામાં છેલ્લાં સાત દિવસમાં ૧૧૭૬ કેસ નોંધાયા છે.



જે ૨.૫ ગણો વધારો સૂચવે છે. તો યુપીમાં એક અઠવાડિયામાં ૮૦૦ કેસ નોંધાયા છે. જે ૨.૨ ગણાથી વધારે છે. ગુરુવારે પાંચ રાજ્યોમાંથી કે જેઓએ મોડી રાત્રે પોતાના આંકડા રજૂ કર્યા હતા તેમાં મહારાષ્ટ્રમાં ૮૦૩ નવા કેસ, દિલ્હીમાં ૬૦૬, હરિયાણામાં ૩૧૮ અને રાજસ્થાનમાં ૧૦૦ કેસ નોંધાયા છે.

છેલ્લાં સાત દિવસના એવરેજ ડેઈલી કેસ બે ગણા થવાનો સિલસિલો યથાવત છે. છેલ્લાં એક અઠવાડિયામાં એટલે કે ૩૦ માર્ચથી ૫ એપ્રિલ દરમિયાન ૨૬,૩૬૧ નવા કેસ નોંધાયા છે.

## પુંડુચેરીમાં જાહેર સ્થળોએ માસ્ક પહેરવા ફરજિયાત

નવી દિલ્હી, તા.૭

દેશમાં કોરોનાના ફરી રેકોર્ડ કેસ સામે આવી રહ્યાં છે. કોરોનાના કેસોમાં વધારો થતા કેન્દ્ર સરકાર પણ એક્શન મોડમાં આવી છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ આજે વિવિધ રાજ્યોના આરોગ્ય મંત્રીઓ સાથે સમીક્ષા બેઠક યોજી છે. આ સાથે પુડુચેરી સરકારે પણ મોટી કાર્યવાહી કરી છે.

કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં હવે જાહેર સ્થળોએ માસ્ક પહેરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. કોરોનાના વધતા જતા કેસોને કારણે વહીવટીતંત્રે તાત્કાલિક અસરથી આદેશનો અમલ કર્યો છે. જિલ્લા કલેક્ટર ઈ વલ્લવને જણાવ્યું હતું કે કેન્દ્રશાસિત પ્રદેશમાં હાલમાં કોરોનાવાયરસના કેસોની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. વહીવટીતંત્રે તાત્કાલિક અસરથી સાવચેતીના પગલાં અમલમાં મુકતા માસ્ક ફરજિયાત કર્યું છે. ઈ વલ્લવને કહ્યું કે જાહેર સ્થળો, બીચ રોડ, પાર્ક અને થિયેટરમાં માસ્ક પહેરવું ફરજિયાત રહેશે. આ સિવાય હોસ્પિટલ, હોટેલ, બાર, રેસ્ટોરાં, દારૂની દુકાનો, હોસ્પિટાલિટી અને મનોરંજન ક્ષેત્રો, સરકારી કચેરીઓ અને વ્યાપારી સંસ્થાઓમાં કામ કરતા કર્મચારીઓએ પણ ફરજિયાતપણે માસ્ક પહેરવાનું રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૬૦૫૦ નવા કેસ નોંધાયા છે.

# આંધ્રના પૂર્વ મુખ્યમંત્રી એન. કિરણ રેડ્ડી ભાજપમાં જોડાયા

## રેડ્ડી અવિભાજિત આંધ્ર પ્રદેશના છેલ્લા મુખ્યમંત્રી હતા : તેમણે આ વર્ષે ૧૨ માર્ચે કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું હતું

બેંગલુરૂ, તા.૭

આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી એન કિરણ રેડ્ડી ભાજપમાં જોડાયા છે. સંસદીય કાર્ય મંત્રી પ્રહલાદ જોશીએ તેમને ભાજપનું સભ્યપદ અપાવ્યું હતું. આ કાર્યક્રમમાં પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ અરુણ સિંહ અને અન્ય નેતાઓ પણ સામેલ થયા હતા.



તેમણે આ વર્ષે ૧૨ માર્ચે કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું હતું. રેડ્ડીના રાજીનામા પર પ્રતિક્રિયા આપતા કોંગ્રેસના નેતા અને લોકસભાના સભ્ય મણિકમ ટાગોરે કહ્યું હતું કે જેમણે પાર્ટી પાસેથી બધું મેળવ્યું અને આંધ્ર પ્રદેશ કોંગ્રેસનો નાશ કર્યો તેઓ હવે ભાજપમાં જોડાઈ ગયા છે. રેડ્ડી અવિભાજિત આંધ્ર પ્રદેશના છેલ્લા મુખ્યમંત્રી હતા. તેમણે ૧૧ માર્ચે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને સંબોધિત પત્રમાં લખ્યું હતું કે કૃપા કરીને આ પત્રને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રાથમિક સભ્યપદમાંથી મારા રાજીનામા તરીકે સ્વીકાર કરો. રેડ્ડીએ અગાઉ ૨૦૧૪માં તત્કાલીન સંયુક્ત પ્રગતિશીલ ગઠબંધન (યુપીએ) સરકારના આંધ્ર પ્રદેશનું વિભાજન કરીને તેલંગાણા બનાવવાના નિર્ણય પર કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું હતું. તેમણે પોતાની રાજકીય પાર્ટી જય સામૈક્ય આંધ્ર પાર્ટી બનાવી પરંતુ ૨૦૧૮માં કોંગ્રેસમાં ફરી એકવાર જોડાયા હતા.

# દેશમાં ઘી-માખણ જેવી પ્રોડક્ટની અછતની કેન્દ્ર સરકારને આશંકા

## કોવિડ-૧૯ બાદ પૌષ્ટિક અને સુરક્ષિત ડેરી ઉત્પાદનોની માગ વધી : ડેરી પ્રોડક્ટની અછતને પહોંચી વળવા કેન્દ્ર સરકારે યોજના બનાવી



નવી દિલ્હી, તા.૭

કેન્દ્ર સરકારને ઘી-માખણ જેવી ડેરી પ્રોડક્ટની અછતની આશંકા વ્યક્ત કરી રહી છે. જો કે, તેને પહોંચી વળવા માટે એક યોજના બનાવવામાં આવી છે. સરકારના જણાવ્યા અનુસાર, કોવિડ-૧૯ રોગચાળા પછી પૌષ્ટિક, સુરક્ષિત અને સ્વચ્છ દૂધ અથવા ડેરી ઉત્પાદનોની વધતી માંગને કારણે આ ક્ષેત્રમાં કુલ માંગ અને પુરવઠામાં થોડો તફાવત જોવા મળી રહ્યો છે.

શું છે સરકારનો પ્લાન: સરકારના અનુસાર ગરમીની ઋતુમાં દૂધનો પૂરવઠો ખૂટી શકે છે. મિલ્ક ફેટ અને પાઉડર જેવા સંરક્ષિત ડેરી ઉત્પાદનોની આયાત કરવા માટેની ઘણી ડેરી સહકારી સંસ્થાઓની માંગ હતી. તેને ધ્યાનમાં રાખીને નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (એનડીડીબી) ભારત સરકાર સાથે માંગ અને પુરવઠા પર નજીકથી નજર રાખી રહ્યું છે.

# બ્રિટને Tiktokને ફટકાર્યો ૧૩૦ કરોડ રૂપિયાનો દંડ

## બાળકોના ડેટાનો ખોટો ઉપયોગ કરવાનો છે આરોપ

નવી દિલ્હી, તા.૭

ચાઈનીઝ એપ Tiktok પર દુનિયાભરના દેશોમાં કડક કાર્યવાહી ચાલી રહી છે. હવે કંપનીને ઝટકો આપતા બ્રિટને તેના પર ૧૩૦ કરોડ રૂપિયા (૧૫.૯ મિલિયન પાઉન્ડ)નો દંડ ફટકાર્યો છે. બ્રિટનના વોચડોગે સોશિયલ મીડિયા એપ પર ખૂબ જ ગંભીર આરોપ લગાવ્યા છે. Tiktok પર ૧૩ વર્ષથી ઓછી ઉંમરના બાળકોના અંગત ડેટાનો ઉપયોગ કરવાનો અને ડેટા પ્રોટેક્શન એક્ટનું ઉલ્લંઘન કરવાનો આરોપ છે. UKના ઈન્ફોર્મેશન કમિશનર ઑફિસનો અંદાજ છે કે ્ા એ ૨૦20 માં ૧૩ વર્ષથી ઓછી ઉંમરના ૧.૪ મિલિયન UK બાળકોને તેના પ્લેટફોર્મનો ઉપયોગ કરવાની મંજૂરી આપી હતી, જ્યારે છષ્ઠી દાવો કરે છે કે આ માટે યુઝર્સની ઉંમર ઓછામાં ઓછી ૧૩ વર્ષની હોવી જોઈએ. ICO અનુસાર, ડેટા સંરક્ષણ કાયદાનો ભંગ મે ૨૦૧૮ અને જુલાઈ ૨૦૨૦ વચ્ચે થયો હતો. બ્રિટનનો દાવો છે કે ચીની એપ કંપનીએ એ તપાસ કરવાનો પ્રયાસ કર્યો નથી કે કઈ ઉંમરના બાળકો એપનો ઉપયોગ કરી રહ્યા છે. નિયમો અનુસાર, એપને ૧૩ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને પસંદ કરીને દૂર કરવાના હતા. બ્રિટનના ઈન્ફોર્મેશન કમિશનર જોન એડવર્ડ્સે કહ્યું કે ટિકટોક કાયદાનું પાલન કરતું નથી. ચિંતા વ્યક્ત કરતાં તેમણે કહ્યું કે બાળકોના ડેટાનો ઉપયોગ તેમને

● અનુસંધાન પાન-૭ પર

# મલાડના ગેરકાયદેસર ૧૦થી વધુ સ્ટુડિયો પર બૂલડોઝર ફરી વળ્યું

## ભાજપના નેતા કિરીટ સોમૈયાએ ફરિયાદ કરી હતી : આ તમામ સ્ટુડિયો મહા વિકાસ આઘાડી સરકારના આશ્રય હેઠળ બનાવવામાં આવ્યા હોવાનો આક્ષેપ

મુંબઈ, તા.૭

મુંબઈના મલાડ વિસ્તારમાં એક ગેરકાયદે સ્ટુડિયો પર બીએમસીનું બુલડોઝર ચાલ્યુ હતું. આ વિસ્તારમાં ૧૦થી વધુ સ્ટુડિયો તોડી પાડવામાં આવી રહ્યા છે. આ અંગે ભાજપના નેતા કિરીટ સોમૈયાએ ફરિયાદ કરી હતી. આ જગ્યા પર તેઓ કુહાડી અને પાવડો લઈને પણ પહોંચ્યા હતા.

સોમૈયાએ આરોપ લગાવ્યો કે આ તમામ સ્ટુડિયો મહા વિકાસ આઘાડી સરકારના આશ્રય હેઠળ બનાવવામાં આવ્યા છે. હવે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે આ તમામ સ્ટુડિયોને તોડી પાડવાનો આદેશ આપ્યો છે. વધુમાં સોમૈયાએ જણાવ્યુ હતું કે ઉદ્ધવ ઠાકરે સરકારના ભ્રષ્ટાચારનું સ્મારક સમુદ્રની જમીન પર બનાવવામાં આવ્યું હતું. આદિત્ય ઠાકરેએ આ સ્થળની મુલાકાત લીધી હતી અને આ સ્ટુડિયો તેમની સામે બનાવવામાં આવ્યો હતો. અમે ૨૪ મહિના લડ્યા અને જ્યારે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે તેમને તોડી પાડવાનો નિર્ણય કર્યો ત્યારે અમને ન્યાય મળ્યો હતો.કિરીટ સોમૈયાએ કહ્યું કે અમને હવે ન્યાય મળ્યો છે. હવે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે તેમને તોડી પાડવા સૂચના આપી છે.

સોમવાર (૧૦ એપ્રિલ) થી શરૂ થતી સાંજે ૭:૩૦ અથવા ૧૭ એપ્રિલથી શરૂ થતી સાંજે ૬:૦૦ વાગ્યાની બેચમાં જોડાઈ

કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો.

નાણાવટી

The Leader Since 1996

ઘ-2 સર્કલ નજીક, મો. 96240 10555 ઓફિસ સમય સવારે 8 થી 1, સાંજે 4 થી 8

Url : nanavati's world.com - Demo માટે YouTube channel ketanNanavati Gandhinagar ની મુલાકાત લો.

# ટીએમસીના નેતાની ધોળાદિવસે બજારમાં ભીડ વચ્ચે હત્યા કરાઈ

## ચહેરો ઢાંકીને આવેલા બદમાશોએ આમોદ અલી બિશ્વાસને દુકાનની બહાર બોલાવીને તેમના પર ગોળીઓ વરસાવી

કોલકાતા, તા.૭

પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લામાં એક ટીએમસી નેતાની ધોળાદિવસે બજારમાં ભીડની વચ્ચે હત્યા કરી દેવામાં આવી છે. આ ઘટના નદિયાના હંસખલી પોલીસ સ્ટેશનના વિસ્તાર રામનગર બડા ચૌપરિયા ગામમાં બની હતી. મૃત્યુ પામેલા તૃણમૂલ નેતાની ઓળખ આમોદ અલી બિશ્વાસ તરીકે થઈ હતી.

આમોદ અલી બિશ્વાસ બજારમાં નિયમિત રીતે ફરવા આવ્યા હતા. આ દરમિયાન બદમાશોએ તેમને દુકાનથી બહાર બોલાવીને તેમના પર ગોળીઓ વરસાવી દીધી હતી. આમોદ અલી રામનગર બડા ચૌપડિયા નંબર ૧ના તૃણમૂલ કોંગ્રેસના પ્રાદેશિક ઉપાધ્યક્ષ હતા. પ્રત્યક્ષદર્શીઓએ કહ્યું કે તૃણમૂલ નેતા બિશ્વાસ બજારમાં એક ચાની દુકાને બેઠા હતા. બદમાશો ચહેરો ઢાંકીને આવ્યા હતા.

આ ઘટનાની જાણ થતા જ પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને વધુ તપાસ હાથ ધરી હતી. આ ઘટના પાછળ રાજકીય કાવતરું હોવાની આશંકા હોઈ શકે છે. રાજ્યમાં પંચાયતની ચૂંટણી પણ નજીક છે અને તેની સાથે હિંસાની ઘટનાઓ ફરી વધવા માંડી છે. તૃણમૂલ નેતાની ધોળાદિવસે હત્યાથી રાજ્યમાં કાયદો વ્યવસ્થા સામે સવાલો ઊભા થઈ ગયા છે.

## બેસણું / પ્રાર્થના સભા



**સ્વ. પરાગ રજનીકાન્ત ત્રિવેદી**

સ્વ. તા. ૬/૪/૨૦૨૩, ગુરૂવાર

અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે, પરાગ રજનીકાન્ત ત્રિવેદીનું તા. ૬/૪/૨૦૨૩ને ગુરૂવારે દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરું.

આજરોજ સદ્‌ગતના આત્માની શાંતિ માટે પ્રાર્થનાસભા / બેસણું તા. ૮/૪/૨૦૨૩ને શનિવારે સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ દરમિયાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન**

''આશુતોષ'', પ્લોટ નં. ૨૮, સેક્ટર-૧૯, જીમખાના પાસે, ગાંધીનગર

**લિ.**

કોકીલા રજનીકાન્ત ત્રિવેદી

ડો. હેમાલી અતુલભાઈ સુધાલકર (બહેન)

અતુલભાઈ મુકુલભાઈ સુધાલકર

કેદાર અને પુજા